આંક.૫૬

દાવો રજુ તા. ૩૦/૬/૧૦

દાવો નોંધ્યા તા. ૩૦/૬/૧૦

દાવો નિર્ણિત તા. ૬–૩–૧૩

અવધી

**મહેરબાન વેરાવળના એડીશનલ સીનીયર સીવીલ જજ તથા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. વેરાવળ**

**સ્પેશીયલ દિવાની મુકદમા નં.૩૯/૧૦**

**વાદી :–** સગીર શ્યામ ધીરજલાલ કલોલા
ઉ.વ.આ. ૧૩ , ધંધો અભ્યાસ
(વાદી સગીર હોય, તેના વાલી અને ઈષ્ટમિત્ર દરજજે
તેના માતૃશ્રી કંચનબહેન ધીરજલાલ કલોલા,
ઉ.વ.આ. ૩૯, ધંધો ઘરકામ, રહે. ટીબાવાડી
જુનાગઢ ઠે. કિશોર એકેડેમી પાસે, જુનાગઢ

વિરુધ્ધ

પ્રતિવાદી :– ૧. ધીરજલાલ છગનભાઈ કલોલા,
ઉ.વ.આ.૪૦, ધંધો ખેતી,
રહે. ખોરાસા ગીર તા. માળીયા હાટીના
જિ.જુનાગઢ

૨. જયાબહેન છગનભાઈ કલોલા,
ઉ.વ.આ. પુખ્ત વયના, ધંધો ખેતી,
રહે. ખોરાસા ગીર તા. માળીયા હાટીના

જિ.જુનાગઢ.

૩. લાભુબહેન છગનભાઈ કલોલા,
ઉ.વ.આ. પુખ્ત વયના, ધંધો ખેતી,
રહે. ખોરાસા ગીર તા. માળીયા હાટીના
જિ.જુનાગઢ .

૪. મંજુલાબહેન છગનભાઈ કલોલા,
ઉ.વ.આ.પુખ્ત વયના, ધંધો ખેતી,
રહે. ખોરાસા ગીર તા. માળીયા હાટીના
જિ.જુનાગઢ.

૫. પુરીબહેન કરશનભાઈ ડોડીયા,
ઉ.વ.આ. ૬૫, ધંધો ઘરકામ,
રહે. સુખપુર તા. માળીયા હાટીના,
જિ.જુનાગઢ

દાવો :– <u>વડીલોપાર્જિત મિલકત ખેતીની જમીનના સરખા ભાગ પાડી તથા વાદી પુરતો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૫૨૩ તા. ૨૭/૫/૧૦ રદબાતલ ઠરાવવા તથા કબજો મળવા બાબત..</u>

વાદી પક્ષે :– વિ.વ.શ્રી બી.જે.પીપળીયા
પ્રતિવાદી પક્ષે :– વિ.વ.શ્રી કે.આઈ.ચંદનાણી

## <u>ચુકાદો</u>

૧. વાદીના દાવાની ટુંકમા હકીકત એવી છે કે,

વાદી સગીર વયના છે, સગીર ના વાલી તથા તેના કુદરતી માતા દરજજે, વાદી કંચનબહેન ધીરજભાઈ કલોલા છે, કંચનબહેન અને સગીર શ્યામ નું હકક હિત અરસપરસ વિરોધી નથી. સગીર શ્યામ પ્રતિવાદી નં.૧ તથા કંચનબહેનનો પુત્ર છે. પ્રતિવાદી નંબર ૨, ૩, ૪ શ્યામ ની ફુઈઓ છે. પ્રતિવાદી નંબર ૫, પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા ની વડીલો પાર્જિત જમીન વેચાણ રાખનાર છે. વાદી શ્યામ તથા ધીરજભાઈ પિતા–પુત્ર છે.

પ્રતિવાદી નં.૧, ધીરજભાઈ છગનભાઈ કલોલાના લગ્ન કંચનબહેન સાથે ૧૯૯૭ ની સાલમા, હિંદુ શાસ્ત્રોકત વિધી તથા જ્ઞાતીના રીતરીવાજ મુજબ થયેલા, ધીરજભાઈ અને કંચન બહેન ના લગ્ન જીવન થી સગીર શ્યામ નો જન્મ તા.૨/૪/૯૮ ના રોજ થયેલ, ત્યાર બાદ આ કામના પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા તથા કંચનબહેન વચ્ચે મનમેળ ના થતા શ્યામ ની માતા કંચનબહેનનો, પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ ત્યાગ કરેલો. શ્યામ ત્યારથી કંચનબહેન સાથે રહે છે.

પ્રતિવાદી નં.૧, ધીરજભાઈ છગનભાઈ કલોલાના વડવાઓ પાસે ખેતીની જમીન મોજે ખોરાસા ગીરના સર્વે નંબર ૪૩૫, ૨૩૦ પૈકીની જમીનના કબજા હકક મળેલા હતા, જેની મહેસુલ દફતરે નોંધો મંજુર થયેલી છે. જેના ખાતા નંબર ૭૮ થી ઉત્તરોઉત્તર પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના દાદા, ગુજરનાર ધનાભાઈ હંસરાજભાઈ નુ ખેડખાતુ ચાલતુ હતુ.

ધનાભાઈ હંસરાજભાઈ, સને ૧૯૭૦–૭૧ ની સાલમા ગુજરી ગયેલા, ધનાભાઈ ના બે દીકરાઓ ૧.જાદવભાઈ ધનાભાઈ તથા ૨. છગનભાઈ ધનાભાઈ હતા, જાદવભાઈ ધનાભાઈ તથા છગનભાઈ ધનાભાઈના નામે સ.નં.૪૩૫ ( ૫ એકર – ૦૧ ગુંઠા) તથા સ.નં.૨૩૦ પૈકી ( ૩૨ એકર – ૦૩ ગુંઠા) મળી કુલ્લે (૩૭ એકર ૦૪ ગુંઠા) જમીન તથા ગામતળમા પ્લોટ ૧૬૫૬ ચોરસ મીટર નો ચાલી આવેલ છે, જેની મહેસુલી દફતરે નોંધ નંબર ૧૨૪૧ થી સંયુકત રીતે મંજુર થયેલ છે.

ત્યારબાદ જાદવભાઈ ધનાભાઈ તથા છગનભાઈ ધનાભાઈ વચ્ચે વારસાઈ મિલકતોની ઘરમેળે વહેંચણ કરી ભાયાભાગ પાડવામા આવેલા. જેનાથી છગનભાઈ ધનાભાઈના ભાગે સ.નં.૨૩૦ પૈકી (૨૪ એકર –૦૩ ગુંઠા) તથા સ.નં.૪૩૫ પૈકી (૩ એકર ૩૩ ગુંઠા) જમીન મળી કુલ્લે ( ૨૭ એકર –૩૬ ગુંઠા) જમીન તથા ગામતળમા આવેલ પ્લોટ પૈકી ૮૨૮ ચો.મી.નો પ્લોટ ભાયાભાગમા આવેલ. જેની મહેસુલ દફતરે નોંધ નંબર ૧૨૪૨ મંજુર થયેલી છે. સબબ સગીર વાદી ના દાદા તથા પ્રતિવાદી નં.૧ ના પિતા છગનભાઈ ધનાભાઈને (કુલ્લે ૨૭ એકર ૩૬ ગુંઠા) ખેતીની જમીન તથા ૮૨૮ ચો.મી. નો પ્લોટ વારસાઈ રીતે પ્રાપ્ત થયેલ છે.

સગીર વાદી શ્યામના દાદા અને  પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના પિતા છગનભાઈ બીનવસિયતે તા.૧૨/૧૧/૧૯૯૬ ના રોજ અવસાન પામતા, તેની મહેસુલ દફતરે, વારસાઈ નોંધ નંબર ૨૯૩૬ પાડવામા આવેલી, અને નોંધ મા પ્રતિવાદી નંબર ૧ થી ૪ તથા વિધવા શાંતાબહેન છગનભાઈના નામો સંયુકત રીતે મંજુર થયેલા છે.

આ સમયગાળા દરમ્યાન,  પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા તથા કંચનબહેન વચ્ચે મનમેળ ના થતા, શ્યામ ની માતા કંચનબહેનનો ધીરજભાઈએ ત્યાગ કરેલો, ભવિષ્યમાં શ્યામ ને ભાગ ના આપવો પડે તે બદદાનતથી, પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના નામો ચઢાવવામા આવેલા, અને પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ સંયુકત ખાતાની (૨૭ એકર ૩૬ ગુંઠા ) ની ઘરમેળ વહેંચણ કરી નાંખેલી, ઘર મેળ વહેંચણની મહેસુલી દફતરે નોંધ નંબર ૭૫૩૭ તા.૧૪/૯/૦૯ મંજુર થયેલ છે.

ઉપરોકત નોંધ નંબર ૭૫૩૭ મુજબ , પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના ભાગે સ.નં.૪૩૫ પૈકી (૨ હેકટર ૫૪ આરે ૮૦ ચો.મી.) જમીન આવેલી છે જયારે પ્રતિવાદી નંબર ૨ થી ૪ ના સંયુકત નામે તથા ખાતે સ.નં.૨૩૦ પૈકી ૩ જેનુ માપ (૭ હેકટર ૩૧ આરે ૪૭ ચો.મી.) ક્ષેત્રફળ વાળી જમીન આવેલી છે.

વાદી એ તેઓની દાવા અરજીમા વધુમાં જણાવેલ છે કે, સદરહુ ઘરમેળ વહેચણ, પ્રથમ થી જ ગેરકાયદેસર હતી અને સગીર શ્યામ નો હકક હિસ્સો ડુબાડવાના હેતુ થી જ અસમાન વહેચણ કરવામા આવેલી હતી. તમામ પક્ષકારોના સરખા હિસ્સાઓ પાડવામા આવેલા નહિ.  જો સરખા હિસ્સાઓ પાડવામા આવેલા હોત તો,  પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના ભાગે (૨ હેકટર ૪૦ આરે ૦૫ ચો.મી.) જેટલી જમીન ભાગ મા આવે. તેમ છતા પ્રતિવાદી નંબર ૧ શ્યામના પિતાએ (૧ હેકટર ૫૪ આરે ૮૦ ચો.મી.) લીધેલી છે. ઉપરોકત હકીકત હોવા છતાં રેકર્ડ ઉપર ઓછી જમીન શ્યામના પિતા ધીરજભાઈએ મેળવેલી છે. સદરહુ વહેચણ કરવામા આવી ત્યારે શ્યામની માતા કંચનબહેનનો ત્યાગ કરવામા આવેલ હતો , કંચનબહેન અને ધીરજ ભાઈ વચ્ચે ખોરાકી બાબતે કેસો ચાલતા હતા, ભવિષ્યમા શ્યામ ને હિસ્સો ના આપવો પડે યા તો ઓછો આપવો પડે તે માટે મલીન ઈરાદા થી પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ ઘરમેળ વહેચણ કરેલી હતી. વાદીના જણાવ્યા મુજબ તે વાદીના લાભમા નથી અને અન્યાયી છે  અને સદરહું વહેચણ પણ રદ થવાને પાત્ર છે.

વાદીએ વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના વચ્ચે ૨૦૦૯ માં ગેરકાયદેસર વહેચણ થી  પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ ૧ હેકટર ૫૪ આરે ૮૦ ચોમી

જમીન તથા ૮૨૮ ચો.મી. નો પ્લોટ તેમના હિસ્સે લીધેલ, ધીરજભાઈ કલોલા ઉપરોકત જમીન શ્યામ નો હિસ્સો ડુબાડવા વેચી નાંખવા પ્રયાસ કરતા હતાં, તે સામે વાદીએ માળીયા હાટીના કોર્ટમા રેગ્યુલર દિવાની મુકદમા નંબર ૨૯/૧૦ કરેલો અને પ્રતિવાદી નં.૧ ના હિસ્સે આવેલી જમીન દાવાના નિકાલ થતા સુધી તબદીલ કરે નહિ તે માટે વચગાળાની દાદ માંગેલી, દાવાનો તથા વચગાળાની મનાઈહુકમ અરજી નો નિર્ણય આવે તે પહેલા તા. ૨૭/૫/૧૦ ના રોજ પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા એ તેના હિસ્સે આવેલી વડીલોપાર્જિત જમીન પ્રતિવાદી નંબર ૫ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૫૨૩ તા.૨૭/૫/૧૦ થી રુપીયા ૩,૭૧,૦૦૦ ના અવેજ બદલ વેચાણ આપી કબજો સોંપી દીધેલો છે.

પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ વેચાણ કરી નાંખેલી અને પ્રતિવાદી નંબર ૫ ના એ વેચાણ લીધેલી ૩ એકર ૩૩ ગુંઠા (૧–૫૪–૮૦ ચો.મી)મા વાદી સગીર શ્યામ નો પુત્ર દરજજે અડધો હિસ્સો રહેલ છે. સગીર શ્યામ ને હકક હિસ્સો ના મળે તે બદદાનતથી આ કામના પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ વડીલોપાર્જિત વારસાઈ મિલકત પુરેપુરી વેચાણ કરી નાંખી છે.જેથી ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૫૨૩ તા.૨૭/૫/૨૦૧૦ વાદી શ્યામ ના હિસ્સા પુરતુ દસ્તાવેજ રદબાતલ છે, તેવુ ઠરાવી આપવા અને અડધા હિસ્સા નો કબજો મેળવવા હાલનો દાવો કરેલ છે.તદઉપરાંત પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના ભાગમા આવેલ ૮૨૮ ચો.મી. વાળો પ્લોટમા પણ વાદીનો અડધો હિસ્સો રહેલ છે.

વાદીએ વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત તમામ વિગતોએ પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ, ભવિષ્ય માં સગીર શ્યામ ને વારસાઈ રીતે કોઈ હકક હિસ્સો મળી ના શકે તે કારણોસર ખેતીની જમીન વેચાણ કરી નાંખી છે.જે ઘરમેળ વહેચણ કરવામા આવેલી છે તે પણ સગીર વાદી શ્યામ ને બંધનકર્તા નથી આ દાવો લાવવા સિવાય વાદી પાસે કોઈ અન્ય કોઈ રેમેડી ના હોય, હાલનો દાવો કરી વાદીએ દાદ માંગેલી છે કે

૧. પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ મહેસુલી નોંધ નંબર ૭૫૩૭ તા.૧૮/૬/૦૯ થી જે સંયુકત મિલકતોની વહેચણ કરેલ છે તે ગેરકાયદેસર ઠરાવી તમામ મિલકતનું સરખુ પાર્ટીશન કરી આપી, કબજા , અંદરોઅંદર સોપાવી આપવા હુકમ કરવા અરજ છે.

૨. પ્રતિવાદી નં.૧ ના હિસ્સે આવતી વડીલોપાર્જિત જમીન તથા પ્લોટ માં વાદી નો ૧/૨ હકક હિસ્સો જે વારસાઈ રીતે રહેલ છે તે ૧/૨ હિસ્સો જુદી કરાવી કબજો વાદીને સોંપી આપે તેવું પ્રાથમિક હુકમનામું કરી આપવા અરજ છે.

૩. પ્રતિવાદી નંબર ૧ ના એ, પ્રતિવાદી નંબર ૫ જોગ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નંબર ૫૨૩ તા. ૨૭/૫/૧૦ નું વાદીના ૧/૨ હિસ્સા પુરતુ રદબાતલ ઠરાવી આપવા તથા સમગ્ર દસ્તાવેજ વાદીને બંધનકર્તા નથી, તેમ ઠરાવી આપવા અરજ છે.

૪. પ્રતિવાદીઓ જાતે કે તેના વારસો, એસાઈનીઓ, મારફતે દાવાવાળી જમીનો સ.નં.૪૩૫ પૈકી ૩ એકર ૩૩ ગુંઠા (૧–૫૪–૮૦ ચો.મી)તથા સ.નં.૨૩૦ પૈકી ૨૪ એકર ૦૩ ગુંઠા (૭–૩૧–૪૭ ચો.મી) તથા ખોરાસા ગામે આવેલ પ્લોટ કુલ ક્ષેત્રફળ ૮૨૮ ચો.મી. જમીન અન્ય કોઈને તબદીલ કરે નહિ કે બોજો ઉભો કરે કરાવે નહિ તેવો કાયમી મનાઈહુકમ આપવા અરજ છે.

૫. આ ઉપરાંત કાયદા તથા હકીકતોથી મળી શકતી તમામ દાદ યા દાદો ખર્ચ સહિત અપાવવા અરજ છે.

વધુમા વાદીએ તેઓના દાવામા જણાવેલ છે કે, માળીયા હાટીના કોર્ટમા રે.દિ.મુ.નં.૨૯/૨૦૧૦, વિભાજન તથા કાયમી મનાઈહુકમ મેળવવા માટે કરેલ જે દાવો તા. ૨૫/૬/૧૦ ના રોજ, ફરી દાવો કરવાની શરતે, પરત ખેચેલો હોઈ, દાવાને મુદતનો કોઈ બાધ નથી વાદીએ દાવાનો કુલ આંક રૂ.૫,૩૫,૮૦૦ નો બાંધી કુલલે રૂ.૧૧૯૫૦/–ના કોર્ટ ફી સ્ટેમ્પ ઉપર હાલનો દાવો કરેલ છે.

(૨) હાલનો દાવો, મારા પુરોગામી વિ.ન્યાયાધીશશ્રી દેવલુક સાહેબ સમક્ષ તા.૩૦/૬/૧૦ ના રોજ રજુ થતાં, પ્રતિવાદીઓને સમન્સ કાઢવાનો હુકમ થતાં, ધારાધોરણસર પ્રતિવાદીઓને સમન્સ ની બજવણી થતાં, પ્રતિવાદી નં.૧ થી ૫ ના તેઓના વિ.વ.શ્રી કે.આઈ.ચંદનાણી મારફતે અદાલત સમક્ષ હાજર થયેલા છે, તથા પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ આંક ૨૧ થી તથા આ કામના પ્રતિવાદી નંબર ૫ ના એ આંક ૨૨ થી દાવા જવાબ રજુ કરેલ છે.

(૩) પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ, તેઓના આંક ૨૧ ના દાવા જવાબમા જણાવેલ છે કે, વાદી નો દાવો ખરો, કાયદેસર, શુધ્ધબુધ્ધિપુર્વકનો નથી, પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ વૈમનસ્ય સંતોષવા અશુધ્ધ બુધ્ધિપુર્વક તથા પ્રતિવાદી નં.૧ ને અદાલતના ખર્ચમા ઉતારવા માટે દાવો કરવામા આવેલ છે, તેઓએ વધુમાં જણાવેલ છે કે, કંચનબહેન ધીરજલાલ કલોલાને સગીર વાદી શ્યામ વતી દાવો લાવવા કોઈ હકક કે અધિકાર નથી, પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા હયાત છે અને હયાતીમાં સગીર વતી દાવો લાવી શકાય નહિ. દાવા અરજીના પેરા ૧ ની હકીકતો ખોટી

છે. દાવા અરજીના પેરા ૨ ની હકીકતો મહદઅંશે ખરી છે. ધીરજભાઈ એ કંચનબહેનનો ત્યાગ કરેલ હોવાની હકીકત ખરી નથી. કંચનબહેને ધીરજભાઈનો ઈરાદાપુર્વક ત્યાગ કરેલ છે.સગીર શ્યામ ને ધરાર રીતે પોતાની સાથે રાખવા મજબુર કરેલા છે. દાવા અરજીના પેરા ૩, ૪ ની હકીકતો ખરી છે. દાવા અરજીના પારા ૫ ની રજુઆત ખરી છે. ધરમેળ કરવામા આવેલ વહેચણ ગેરકાયદેસર અને સગીર શ્યામ નો હકક, હિત, હિસ્સો, ડુબાડવાના ઈરાદાથી, અસમાન વહેચણ કરેલી હોવાની હકીકત ખરી નથી. ખેતીની જમીનના માપ વિસ્તાર અને બજાર કિંમત અનુલક્ષીને શુધ્ધબુધ્ધિપુર્વક વહેચણ કરવામા આવેલી છે. પ્રતિવાદી નંબર ૧ થી ૪ કાયદેસર હકકદાર છે. પ્રતિવાદી નંબર ૧ ના એ પ્લોટ વેચી નાંખવા તજવીજ કરેલ હોવાનુ કથન ખરુ નથી. પ્રતિવાદીએ વધુમા જણાવેલ છે કે શ્યામની માતા કંચનબહેનની ભરણપોષણની કાયદેસરની જવાબદારી ઉપસ્થિત થતા તથા તે રકમ ચઢત થતા, મિલકતો જપ્તીમા જતી ના રહે, તથા કંચનબહેનની કાયદેસરની જવાબદારી નિભાવવા માટે તથા અન્ય જગ્યાએ બીજી વધુ જમીનો ખરીદવા માટે, પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ જમીનનો નિકાલ કરવા માટેનો પ્રયાસ કરેલ છે. તેઓ સગીર શ્યામ નો હિસ્સો ડુબાડવા માંગતા નથી. વધુમા પ્રતિવાદી ઓએ જણાવેલ છે કે, પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા એ કરેલ વેચાણ શુધ્ધબુધ્ધિપુર્વક, કાયદેસરની જવાબદારી અદા કરવા માટે, કુટુંબના કર્તાની હેસીયત થી વેચાણ કરવા નિર્ણય લીધેલ છે.વાદી નો હકક ડુબાડવાનો પ્રશ્ન અસ્થાને છે. વાદીના હકક હિસ્સા પુરતો વેચાણ વ્યવહાર રદબાતલ ગણી શકાય નહિ. તે મતબલે વાદીનો દાવો ચાલી શકે નહિ. વધુમા પ્રતિવાદીઓએ જણાવેલ છે કે, વાદી માંગ્યા મુજબની દાદ યા દાદો માંગવા મેળવવા હકકદાર નથી, દાવો લાવવા કોઈ કારણ ઉભુ થયું નથી,દાવો પુરતા કોર્ટ ફી સ્ટેમ્પ ઉપર કરવામા આવેલ નથી.

(૪) પ્રતિવાદી નંબર ૫ ના એ આ કામે આંક ૨૨ થી દાવા જવાબ આપેલ છે. તેઓએ તેઓના જવાબમાં જણાવેલ છેકે,ખોરાસાગીર મુકામે આવેલી પ્રતિવાદી નંબર ૧ ના નામે ચાલી આવેલી ખેડવાણ જમીન રે.સ.નં.૪૩૫ પૈકી ૨ ( ૩ એકર ૩૩ ગુંઠા)જમીનના પ્રતિવાદી નંબર ૫ ના શુધ્ધબુધ્ધિપુર્વકનાં, ખરીદનાર છે. પુરતો અને કિંમતી અવેજ પ્રતિવાદી નંબર ૧ ને પ્રતિવાદી નંબર ૫ નાએ આપી, દાવાવાળી જમીન ૩ એકર ૩૩ ગુંઠા વેચાણ લઈ, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મિલકત વેચાણ રાખી છે. તેઓ હાલમા ઉપરોકત જમીનના માલિક, મુખત્યાર અને કબજેદાર છે. જેથી વાદીનો દાવો ચાલી શકે નહિ. પ્રતિવાદી નંબર ૫ સામે વાદીનો દાવો ચાલી શકે નહિ.

**પ્રતિવાદી નંબર ૫ ની માલિકી, કબજા, ભોગવટાની ઉપરોકત જમીન અન્વયેના પ્રતિવાદી નંબર ૫ ના કોઈપણ હકક અધિકાર સીમીત કે પ્રતિબંધીત કરી શકાય નહિ. તેમ કરવા માટે પુરતા યોગ્ય, સબળ, ન્યાયી, કાનુની કારણો નથી. ઉપરોકત જમીન તબદીલ કરી નાંખવા પ્રતિ. નં.૫ ના એ કોઈ તજવીજ કરેલ નથી. પ્રતિવાદી નંબર ૫ ના સામે કોઈ મનાઈહુકમ ફરમાવી શકાય નહિ. વાદી તરફથી માંગવામા આવેલી દાદ કે કોઈપણ દાદ માંગવા મેળવવા, વાદી હકકદાર નથી.**

**(૫) આંક ૨૮ થી વાદીએ કાઉન્ટર એફીડેવીટમાં જણાવેલ છેકે, કંચનબહેન શ્યામ ના કુદરતી વાલી અને ઈષ્ટમિત્ર માતા છે,નામદાર અદાલતે સગીર વતી દાવો કરવા ગાર્ડીયન એટ લીટમ ની અરજી આક ૭ થી મંજુર કરી છે. પ્રતિવાદીઓએ રજુ કરેલા જવાબ ખરા નથી કંચનબહેને ધીરજ ભાઈ નો ત્યાગ કરેલ નથી, પરંતુ ધીરજભાઈએ કંચનબેહનનો, વાદી સગીર શ્યામ સહિત ત્યાગ કરેલ છે. કંચનબહેન પોતાનુ તથા પોતાના દીકરાનુ ભરણપોષણ મેળવવા નામદાર જયુ.મેજી.ફ.ક. કોર્ટ કેશોદ રુબરુ, ફોજદારી પરચુરણ અરજી નં.૪૧/૦૧, ની સીઆરપીસી ૧૨૫ મુજબ કરેલ છે. જે આ કામના પ્રતિ નં.૧ સામે કરેલ છે, જે મંજુર થતા, ના.કોર્ટના હુકમ મુજબ ભરણપોષણની રકમ પણ પ્રતિ.નં.૧ ભરતા ના હતા. વડીલોપાર્જિત મિલકતમાંથી કોઈને હકક હિસ્સા ના મળ ેતે માટે ગેરકાયદેસર ઘરમેળ વહેચણ કરેલી છે, મોટો હિસ્સો પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ તેમની બહેનોને આપી દીધો છે, ખોટી નોંધ પડાવી છે. આ કામના પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા, તેના હિસ્સે આવેલી જમીન (૧–૫૪–૮૦ ચો.મી યાને ૩ એકર ૩૩ગુંઠા) વેચી નાંખવા પ્રયત્ન કરતા, નામદાર માળીયા હાટીનાના મુખ્ય સીવીલ જજ સાહેબની કોર્ટમા રે.દિ.મુ.નં.૨૯/૧૦ નો દાવો કરેલો, તેમાં આંક ૫ થી મનાઈહુકમ ની માંગણી કરેલી, પેન્ડીંગ દાવા તથા મનાઈઅરજી હતા તે દરમ્યાન પ્રતિવાદી નં.૫ ને ,આ કામના પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ, રજી.વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જે હકીકત જ સુચક છે કે, પ્રતિવાદીઓ મેળાપીપણામાં વાદી સગીર શ્યામનો હિસ્સો ડુબાડવા પ્રયત્નશીલ હતા. ભરણપોષણની રકમ ભરવા માટે વડીલોપાર્જિત મિલકતનુ વેચાણ થઈ શકે નહિ. નામદાર કોર્ટ ના હુકમ મુજબની કંચનબહેનની ભરણપોષણની રકમ પણ પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ ભરેલ નથી, જેથી કુટુંબના કર્તા તરીકે, ગેરકાયદેસર વેચાણ પ્રતિ નં.૧ કરી શકતા નથી. પ્રતિવાદી નં.૫ ના એ રજી.વે.દ.થી ૩ એકર ૩૩ ગુંઠા જમીન ખરીદેલી છે, પરંતુ ઉકત ખરીદી પહેલા કંચનબહેને નામદાર માળીયા હાટીનાના મુખ્ય સીવીલ જજ સાહેબની રુબરુ મા સીવીલ દાવો કરેલો હતો, આંક ૫ ની મનાઈઅરજી પેન્ડીગ હતી, દાવો**

તથા મનાઈઅરજીનો નિર્ણય આવે તે પહેલા જ , ચાલુ દાવે, પ્રતિવાદી નં.૫ ના એ , પબ્લીક નોટિસ આપ્યા સિવાય, કે ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે કે નહિ? તેની ખાત્રી કર્યા સિવાય, પ્રતિવાદી નં.૧ ની જમીન વેચાણ રાખી છે તેથી પ્રતિવાદી નંબર ૧ શુધ્ધબુધ્ધિપુર્વકના ખરીદનાર કહી શકાય નહિ. આ દાવા મા સગીરનો હકક હિસ્સો, હિત સંબધ, લાગ ભાગ, સમાયેલો છે અને તે હકક સગીર શ્યામ ના જન્મ થી જ કાયદાએ બક્ષેલ છે, સગીરના હકક હિતને નુકશાન ના પહોંચે તેની અદાલતોએ કાળજી લેવી જોઈએ અને જેથી પ્રતિવાદીઓના કૃત્ય થી વાદી શ્યામ ના હકક હિસ્સા હિત સંબધ લાગ ભાગ ને અસર ના પહોચે તે માટે માંગ્યા મુજબની દાદ મંજુર કરવી જોઈએ તેવી માંગણી કરી છે.

(૬) વાદી તરફે હાલના દાવા ના કામે નીચે મુજબના પુરાવાઓ રજુ થયેલા છે.

| | | |
|---|---|---|
| ૧. | સગીર શ્યામ ધીરજલાલ ના વાલી તથા ઈષ્ટમિત્ર દરજજે તેના કુદરતી માતા કંચનબહેન ધીરજભાઈની જુબાની આંક | ૩૧ |
| ૨. | ગામ નમુના નંબર ૬ અ ની એન્ટ્રી નંબર ૧૨૪૦ તથા ૧૨૪૧ ની નકલ આંક | ૩૨ |
| ૩. | ગામ નમુના નંબર ૬ અ ની એન્ટ્રી નંબર ૧૨૪૨ ની પ્રમાણિત નકલ આંક | ૩૩ |
| ૪. | ગામ નમુના નંબર ૬ અ ની એન્ટ્રી નંબર ૨૯૩૬ ની પ્રમાણિત નકલ આંક | ૩૪ |
| ૫. | ગામ નમુના નંબર ૬ અ ની એન્ટ્રી નંબર ૭૫૩૭ તા. ૧૮/૬/૦૯ ની પ્રમાણિત નકલ આંક | ૩૫. |
| ૬. | ગામ નમુના નંબર ૭ અને ૧૨ રે.સ.નં.૪૩૫ પૈકી ૨ ની પ્રમાણિ નકલ આંક | ૩૬ |
| ૭. | ગામ નમુના નંબર ૮ અ (જમીનની ખાતાવહી) ની પ્રમાણિત નકલ આંક | ૩૭ |
| ૮. | ગામ નમુના નંબર ૭ અને ૧૨ રે.સ.નં.૨૩૦ પૈકી ૩ ની પ્રમાણિત નકલ આંક | ૩૮ |
| ૯. | ગ્રામ પંચાયત ખોરાસા ગીર , ગામ નમુનો નંબર ૨ ની નોંધ નંબર ૫૪૪, ૭૬૨ ની નકલ આંક | ૩૯ |
| ૧૦. | સગીર વાદી શ્યામ ના જન્મનું પ્રમાણપત્ર આંક | ૪૦ |
| ૧૧. | રજીસ્ટડ વેચાણ દસ્તાવેજ નંબર ૫૨૩/૧૨ ની પ્રમાણિત નકલ આંક | ૪૧ |
| ૧૨. | નામદાર માળીયા હાટીનાના મુખ્ય સીવીલ જજ સાહેબની કોર્ટ ના રે.દિ.મુ.નં. ૨૯/૨૦૧૦ ની દાવા અરજીની કોર્ટની સહી સિકકાવાળી નકલ આંક | ૪૨ |
| ૧૩. | નામદાર માળીયા હાટીનાના મુખ્ય સીવીલ જજ સાહેબની કોર્ટ ના રે.દિ.મુ.નં. | |

૨૯/૨૦૧૦ ના આંક ૧૮ ની દાવો વીથડ્રો કરવાની પુરસીસની કોર્ટની સહી સિકકાવાળી નકલ આંક ૪૩

૧૪. કેશોદના મહે. જયુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમા કરવામા આવેલ ફોજદારી પરચુરણ અરજી નંબર ૪૧/૨૦૦૧ મા કરવામા આવેલ હુકમ (ઠરાવ/જજમેન્ટ) ની હુકમની નકલ આંક ૪૪

(૭) આ સિવાય વાદી પક્ષે વધુ કોઈ પુરાવાઓ રજુ કરેલા નથી, વાદી પક્ષે આંક ૪૬ થી વિશેષ મૌખિક પુરાવો આપવા માંગતા નથી તેમતલબની વાદીની કલોઝીંગ પુરસીસ રજુ થતા તે રેકર્ડે ડ કરવામા આવી.

(૮) પ્રતિવાદીઓ નંબર ૧ થી ૪ તરફે નીચે મુજબના દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે.

૧. પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા નું સીપીસી ઓ. ૧૮ રુલ ૪ નું આંક ૪૯ નું સોગંદનામુ તથા તે લગત ઉ.ત. ૪૯

આ સિવાય પ્રતિવાદી પક્ષે વધુ કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવ્યા નથી. પ્રતિવાદીઓ તરફથી આંક ૫૩ થી કલોઝીંગ પુરસીસ રજુ થતા તે રેકર્ડે ડ કરવામા આવી.

(૯) પ્રતિવાદી નંબર ૫ તરફથી કોઈ દસ્તાવેજીકે મોખિક પુરાવો રજુ થયેલ નથી.

(૧૦) વાદી પક્ષે આંક ૫૪ થી તથા પ્રતિવાદી પક્ષે આંક ૫૫ થી લેખીત દલીલો રજુ કરવામાં આવી છે. તે વંચાણે લીધી.

(૧૧) આ કામના પક્ષનિવેદનો, લક્ષમાં લેતા તારીખ ૧૨/૩/૧૨ ના રોજ આંક ૩૦ થી નીચે મુજબના મુદાઓ ધડવામા આવેલા છે જે નીચે મુજબ છે.

## મુદાઓ

૧. શું વાદી પુરવાર કરે છે કે ,વાદગ્રસ્ત મિલકતો વડીલોપાર્જિત મિલકતો છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૧ તથા સગીરના માતૃશ્રી વચ્ચે મનમેળ ના થતા તેણીનો ત્યાગ કરેલ અને વાદીને ભાગ આપવો ના પડે તે માટે, પ્રતિવાદીઓએ ,ઘરમેળ વહેચણી કરી નાંખેલી છે?

૩. શું વાદી પુરવાર કરે છે કે, ઘરમેળ વહેચણ ગેરકાયદેસર અને હકક હિસ્સો ડુબાડવાના હેતુસર કરવામા આવેલી જેથી તે રદ થવાને પાત્ર છે?

૪. શું વાદી પુરવાર કરે છે કે, ૩ એકર ૩૩ ગુંઠામા વાદી ના પુત્રનો અડધો હિસ્સો રહેલ છે? જેથી વાદગ્રસ્ત દસ્તાવેજ નંબર ૫૨૩ તા. ૨૭/૫/૨૦૧૦ રદબાતલ છે?

૫. શું વાદી પુરવાર કરે છે કે, વડીલોપાર્જિત પ્લોટ ૮૨૮ ચો.મી. માં વાદી નો વારસાઈ અડધો હિસ્સો છે?

૬. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૭. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૧ ના એ કરેલ વેચાણ શુધ્ધબુધ્ધિપુર્વક અને કાયદેસરની જવાબદારી અદા કરવા , કુટુંબના કર્તાની હેસીયતથી વેચવા માટે નિર્ણય લીધેલ છે? અને તેમા વાદીનો હકક ડુબાડવાનો કોઈ આશય ના હતો ?

૮. શુ હુકમ અને હુકમનામું?

(૧૨) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. હકારમાં,

૪. હકારમાં,

૫. હકારમાં,

૬. હકારમાં,

૭. નકારમાં,

૮. આખરી હુકમ મુજબ.

(૧૩) **<u>કારણો</u>**

**<u>મુદા નંબર ૧ ,૪, ૫ :–</u>**

**તમામ મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા છે, પુનરાવર્તન ઘટે અને ચર્ચા કરવામા સાનુકુળતા વધે તે કારણોસર તે તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામા આવી છે. આ કામે વાદીએ તેઓની દાવા અરજીમાં પેરા ૩ , ૪ માં દાવાવાળી જમીનો હિંદુ કુટુંબની વડીલોપાર્જિત મિલકતો છે, તેવી હકીકતો જણાવેલ છે. પ્રતિવાદીઓ નંબર ૧ થી ૪ ના એ તેઓના વાંધા જવાબ આંક ૨૨ માં પારા નંબર ૫, ૬ માં જણાવેલ છે કે ''' દાવા અરજીના પારા ૩ તથા ૪ ની રજુઆત ખરી છે''' સબબ આ કામના વાદીએ કરેલા કથનને , પ્રતિવાદીઓ, સાચા હોવાનું જણાવે છે. આ કામે વાદી તથા પ્રતિવાદીઓના પક્ષ નિવેદન જોતાં, એ હકીકત નિર્વિવાદીત છે કે વાદી સગીર શ્યામ કંચનબહેન તથા પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના લગ્નજીવનથી જન્મેલ સંતાન છે. આંક ૪૯ ની જુબાનીમાં પેજ નંબર ૩ ઉપર ધીરજભાઈ છગનભાઈ કલોલાએ સ્વીકારેલ છે કે '' એ વાત ખરી છે કે સગીર શ્યામ મારો દીકરો થાય છે''' તદ ઉપરાંત પ્રતિવાદી ના સાહેદ નં.૧, પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા તેઓની ઉ.ત. માં કબુલ કરે છે કે, '' <u>એ વાત ખરી છે કે ધનાભાઈ હંસરાજભાઈ મારા દાદા થાય છે, ધનાભાઈને બે દીકરાઓ હતાં, ૧.જાદવભાઈ ૨.છગનભાઈ.એ વાત ખરી છે કે ખેતીની જમીન ધનાભાઈ હંસરાજભાઈને મળેલી છે,ધનાભાઈ હંસરાજભાઈ મારા જન્મ પહેલા ગુજરી ગયેલા છે, એ વાત ખરી છે કે, ધનાભાઈ હંસરાજભાઈ ગુજરી જતાંતેના ખેડખાતામાં તેના પુત્રો જાદવભાઈ તથા છગનભાઈના નામો દાખલ થયેલા હતા, આ જાદવભાઈ અને છગનભાઈ કયારે જુદા થયેલા તેનો મને ખ્યાલ નથી, છગનભાઈ ધનાભાઈ મારા પિતા થાય છે. મારા પિતાના ભાગે બે કટકાઓ આવેલા હતા., છગનભાઈ ધનાભાઈ મારા પિતા પંદરેક વરસ પહેલા ગુજરી ગયેલા છે.એ વાત ખરી છે કે, છગનભાઈ ધનાભાઈના ભાગે જુના ગામતળમા ખુલ્લો પ્લોટ આવેલ છે, એ વાત ખરી છે કે જુના રહેણાંકના મકાન પણ આવેલા છે.''''''</u>**

**ઉપરોકત મૌખિક જુબાની સાથે રજુ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓનુ પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, દાવાવાળી ખેતીની જમીનો સ.નં.૨૩૦ પૈકી (૨૪ એકર – ૦૩ ગુંઠા) તથા સ.નં.૪૩૫ પૈકી (૩ એકર ૩૩ ગુંઠા) જમીન પ્રતિવાદી નં.૧ ના પિતા ગુજરનાર છગનભાઈ ધનાભાઈને, ધનાભાઈ હંસરાજભાઈ પાસેથી મળેલી વડીલોપાર્જિત ખેતીની જમીન તથા**

**ગામતળમા આવેલ ખુલ્લો પ્લોટ છે. આ કામે રજુ કરવામાં આવેલા આંક ૩૨ થી ૩૯ ના દસ્તાવેજી પુરાવાઓ જેવા કે, ૬અ, ૭/૧૨,૮/અની નકલો જોતા તથા તેમા થયેલ હકકપત્રક નોંધ નંબર ૧૨૪૧, ૧૨૪૨, ૨૯૩૬, ૭૫૩૭, લક્ષમા લેતાં, ધનાભાઈ હંસરાજભાઈ( પ્રતિવાદી નં.૧ થી ૪ ના દાદા) ને સ.નં.૪૩૫ (૫ એકર ૦૧ ગુંઠા) તથા સ.નં.૨૩૦ પૈકી (૩૨ એકર –૦૭ ગુંઠા) જમીન યાને કે (૩૭ એકર –૦૪ ગુંઠા) મળેલી, ધનાભાઈ હંસરાજભાઈ ગુજરી જતા તેના બે પુત્રો જાદવભાઈ ધનાભાઈ અને છગનભાઈ ધનાભાઈને ( પ્રતિવાદી નં.૧ થી ૪ ના પિતા) ને વારસાઈ રીતે મળેલી જેની આંક ૩૨ ની નોંધ નંબર ૧૨૪૧ તા.૧૧–૨–૧૯૭૪ ના રોજથી મંજુર થયેલી છે. ત્યારબાદ જાદવભાઈ તથા છગનભાઈ અલગ થતાં છગનભાઈ ધનાભાઈના ભાયાભાગે સ.નં.૨૩૦ પૈકી (૨૪ એકર –૦૩ ગુંઠા) તથા સ.નં.૪૩૫ પૈકી (૩ એકર ૩૩ ગુંઠા) જમીન મળી કુલ્લે (૨૭ એકર ૩૬ ગુંઠા) ખેતીની જમીન તથા ગામતળમા આવેલ પ્લોટ પૈકી ૮૨૮ ચોરસવાર નો પ્લોટ ભાયાભાગે આવેલ છે તે હકીકત નોંધ નંબર ૧૨૪૨( આંક ૩૩) જોતા સ્પષ્ટ માની શકાય તેમ છે.**

**(૧૪) વધુમા રજુ થયેલ મોખિક અને દસ્તાવેજી પુરાવાઓ જોતાં, તેમાંય ખાસ કરીને આંક ૩૪ નો પુરાવો જોતાં, છગનભાઈ ધનાભાઈ તારીખ ૧૨/૧૧/૧૯૯૬ ના રોજ બીનવસિયતી ગુજરી જતાં, તેના વારસો પ્રતિવાદી નંબર ૧ થી ૪ ની વારસાઈ નોંધ નંબર ૨૯૩૬ તા. ૨૦/૧૧/૧૯૯૮ મંજુર થયેલી છે. સબબ દાવાવાળી જમીનો તથા પ્લોટ પ્રતિવાદી નંબર ૧ થી ૪ પાસે ઉત્તરોઉત્તર વારસાઈ રીતે આવેલ છે, હિંદુ લો આર્ટીકલ ૨૨૩ ની કાયદાકીય જોગવાઈ જોતાં ઉત્તરોઉત્તર વારસાઈ રીતે મળેલી જમીનો વડીલોપાર્જિત મિલકતો ગણાય, સબબ દાવાવાળી મિલકતો પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ તેના ગુજરનાર પિતા છગનભાઈ ધનાભાઈ પાસેથી મેળવેલી છે.તે હકીકત આ કામે પ્રતિવાદી નંબર ૧ ની જુબાની તથા આંક ૩૨,૩૩,૩૪,૪૯ ના દસ્તાવેજી પુરાવાઓથી સાબિત થાય છે.<u>તે સંજોગોમાં મુદા નંબર ૧ નો જવાબ હું હકારમાં આપુ છુ.</u>**

**(૧૫) <u>મુદા નંબર ૪,૫ :–</u>**

**આ કામે વાદી તથા પ્રતિવાદી ના સાહેદની જુબાનીઓ લક્ષમા લેવામાં આવે તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ જોતા અને તેમાંય ખાસ કરીને આંક ૩૪ , ગામ નમુના નંબર ૬ અ ની હકકપત્રકની નોંધ નંબર ૨૯૩૬ મુજબ પ્રતિવાદી નંબર ૧ થી ૪ ની વારસાઈ નોંધ, ખેતીની**

**જમીનો તથા ગામળતમા આવેલ પ્લોટ ની જમીનોની મંજુર થયેલી છે, સગીર વાદી ના માતાજી કંચનબહેન તથા પ્રતિવાદી નંબર ૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા વચ્ચે મનમેળ ના થતાં, રહેતાં, પ્રતિવાદી નં.૧ ના એ સગીર શ્યામ તથા તેની માતા કંચનબહેનનો ત્યાગ કરેલો છે, આ કામે વાદી પક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો જોતાં સગીર શ્યામ ની માતા કંચનબહેને ભરણપોષણની રકમ મેળવવા નામદાર કેશોદ કોર્ટમા ફોજદારી પરચુરણ અરજી નંબર ૪૧/૦૧ , ક્રિ.પો.કો.ક. ૧૨૫ મુજબ દાખલ કરેલી,જે અરજીમાં નામદાર કેશોદ કોર્ટના વિ. જયુ. મેજી. ફ. ક. સાહેબે તારીખ ૧૦/૬/૨૦૦૪ ના રોજ જજમેન્ટ આપી, સગીર શ્યામ તથા કંચનબહેનને અનુક્રમે માસિક રૂ.૪૦૦/– તથા રૂ.૭૦૦/– મળી કુલ્લે રૂ.૧૧૦૦/– પ્રતિમાસ પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલા કંચનબહેન તથા સગીર શ્યામ ને ચુકવી આપે તેવો હુકમ કરેલ છે જે આ દાવાના કામે આક ૪૪ થી રજુ કરવામા આવેલ છે, તે કોર્ટની સહી સિકકા વાળી નકલ છે તે જોતાં, સગીર શ્યામ સહિત કંચનબેનનો પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ મનમેળ ના થતાં ત્યાગ કરેલ છે તે હકીકત ના માનવાને કોઈ કારણ જણાતુ નથી. વધુમાં આંક ૩૪ વાળી પ્રતિ વાદી નંબર ૧ થી ૪ ના નામે આવેલ મિલકતો માંથી ભવિષ્યમાં વાદીને હકકહિસ્સો, આપવો ના પડે, તે માટે પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ ઘરમેળ અસમાન વહેચણ કરી લીધેલ અને પ્રતિવાદી નં.૧ ના ભાગે સર્વે નંબર ૪૩૫ પૈકી ૨ (૩ એકર ૩૩ ગુંઠા યાને કે ૧–૫૪–૮૦ ચો.મી) ખેતીની જમીન તથા પ્રતિવાદી નંબર ૨,૩,૪ ના ભાગે સ.નં.૨૩૦ પૈકી ૩( ૨૪ એકર ૦૩ ગુંઠા) જમીન આવેલી , જે નોંધ આ કામે આંક ૩૫ થી રજુ કરવામાં આવેલી છે તે આંક ૩૫ નો દસ્તાવેજી પુરાવો જોતાં, હકક પત્રકમા નોંધ નંબર ૭૫૩૭ તા.૧૪/૯/૨૦૦૯ થી મંજુર કરવામા આવી છે યાને કે ઉપરોકત નોંધ નંબર ૭૫૩૭ મુજબ પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના ભાગે સ.નં.૪૩૫ પૈકી (૧–૫૪–૮૦ ચો.મી. યાને કે ૩ એકર ૩૩ ગુંઠા) જમીન આવેલી છે જયારે પ્રતિવાદી નંબર ૨ થી ૪ ના સંયુકત નામે તથા ખાતે સ.નં.૨૩૦ પૈકી ૩ જેનુ માપ (૭ હેકટર ૩૧ આરે ૪૭ ચો.મી.) ક્ષેત્રફળ વાળી જમીન આવેલી છે જે વહેંચણી અસમાન, ઘરમેળ વહેચણી વાદી સગીર શ્યામ નો હકક હિસ્સો, હિત સંબધ લાગ ભાગ હોવા છતાં, કરવામા આવેલી હોવાની હકીકત ને સર્મથન આપે છે અને તે હકીકત રજુ થયેલા દસ્તાવેજી પુરાવાથી હું સાબિત માનુ છુ. સદરહુ ઘરમેળ વહેચણ પ્રથમ થી જ ગેરકાયદેસર હતી અને સગીર શ્યામ નો હકક હિસ્સો ડુબાડવાના હેતુ થી જ અસમાન વહેચણ કરવામા આવેલી હતી. જો સંયુકત હિંદુ કુટુંબના ભાયાભાય વહેચવામા આવે અને વડીલોપાર્જિત મિલકતોની વહેચણી કરવામા આવે તો, તમામ પક્ષકારોના સરખા હિસ્સાઓ પાડવા જોઈએ જયારે હાલના દાવામાં તેમ કરવામા આવેલ નથી,**

જો સરખા હિસ્સાઓ પાડવામા આવેલા હોત તો, પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના ભાગે (૨ હેકટર ૪૦ આરે ૦૫ ચો.મી.) જેટલી જમીન ભાગ મા આવે. તેમ છતા પ્રતિવાદી નંબર ૧, વાદી સગીર શ્યામના પિતાએ (૧ હેકટર ૫૪ આરે ૮૦ ચો.મી.) ઓછી જમીન વહેચણમાં લીધેલી છે. તે શા માટે લેવામા આવેલી છે? તે બાબતે કોઈ પ્રકાશ પ્રતિવાદીઓ પક્ષે પાડવામા આવતો નથી અને તે વર્તન થી જ પ્રતિવાદીઓ ધ્વારા વાદી સગીર શ્યામ નો હિસ્સો ડુબાડવાનો પ્રયત્ન કરવામા આવેલ હોવાની હકીકત સાબીત થાય છે. ઉપરોકત હકીકત હોવા છતાં રેકર્ડ ઉપર ઓછી જમીન શ્યામના પિતા, ધીરજભાઈએ મેળવેલી છે. સદરહુ વહેચણ કરવામા આવી ત્યારે શ્યામની માતા કંચનબહેનનો ત્યાગ કરવામા આવેલ હતો , કંચનબહેન અને ધીરજ ભાઈ વચ્ચે ખોરાકી બાબતે કેસો ચાલતા હતા, ભવિષ્યમા શ્યામ ને હિસ્સો ના આપવો પડે યા તો ઓછો આપવો પડે તે માટે મલીન ઈરાદા થી પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ ધરમેળ વહેચણ કરેલી હતી. જે વાદીના લાભમા નથી અને અન્યાયી છે અને સદરહું વહેચણ પણ રદ થવાને પાત્ર છે તેમ હુ માનુ છુ.વળી આંક ૩૪ વાળી પ્રતિવાદી નં.૧ થી ૪ ના નામે આવેલી મિલકતોમાંથી ભવિષ્યમાં વાદીને હકક હિસ્સો આપવો ના પડે તે માટે જ પ્રતિવાદી નં.૧ થી ૪ ના એ ધરમેળ અસમાન વહેચણ કરી લીધેલ છે અને પ્રતિવાદી નંબર ૧ ના ભાગે સ.નં.૪૩૫ પૈકી ફકત ૩ એકર ૩૩ ગુંઠા જયારે બાકીના પ્રતિવાદીઓ પૈકી પંતિવાદી નંબર ૨ થી ૪ ના ભાગે ત્રણ વચ્ચે સ.નં.૨૩૦ પૈકી ૩ (૨૪ એકર ૦૩ ગુંઠા) યાને કે એક પ્રતિવાદી પાસે ૮ એકર આશરે જમીન ભાગમા આવેલી છે. જે નોંધ આ કામે આંક ૩૫ થી રજુ થયેલ છે નોંધ નં.૭૫૩૭ તા.૧૪/૯/૦૯ ના રોજ મંજુર પણ કરવામા આવેલી છે. પ્રતિવાદી નંબર ૧ ના ભાગે આવેલ સ.નં.૪૩૫ પૈકી ૨ (૩ એકર ૩૩ ગુંઠા જમીનમાંથી વાદીનો હકક હિસ્સો ડુબાડવા માટે પ્રતિવાદી નંબર ૧ ના એ ૩ એકર ૩૩ ગુંઠા જમીન જ લીધી છે અને તે તમામ જમીન પ્રતિવાદી નંબર ૫ ને આંક ૪૧ ના દસ્તાવેજથી વેચાણ આપી દીધી છે. વેચાણ દસ્તાવેજના આધારે જમીનનો કબજો સોંપી આપેલ છે. આ કામે રજુ કરવામાં આવેલ આંક ૪૧ નો દસ્તાવેજી પુરાવો જોતાં રજી.વેચાણ દસ્તાવેજ નંબર ૫૨૩ તારીખ ૨૭/૫/૧૦ ના રોજ કરવામા આવેલ છે જયારે તે પહેલા વાદી શ્યામ સગીર વતી તેના માતા કંચનબહેન ધીરજભાઈ કલોલાએ માળીયા હાટીના ના નામદાર મુખ્ય સીવીલ જજ સાહેબની કોર્ટ માં રે.દિ.મુ.નં.૨૯/૧૦ તા. ૧૨/૫/૧૦ ના રોજ દાખલ કરેલ છે. તે દાવામાં વાદી એ આંક ૫ ની મનાઈઅરજી આપેલી, દાવાનો નિર્ણય કે આંક ૫ ની અરજીનો નિર્ણય થાય તે સમયગાળા દરમ્યાન પ્રતિવાદી નંબર ૫ ના એ પ્રતિવાદી નં. ૧ પાસેથી ૩ એકર ૩૩ ગુંઠા જમીન રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ લઈ, તેનો કબજો લઈ લીધેલ છે. અલબત આ દાવો પાછો

ખેચી લેવામા આવેલ છે.પરંતુ આ કામે રજુ થયેલ આંક ૪૨ તથા આંક ૪૩ નો દસ્તાવેજી પુરાવો જોતાં, આંક ૧૮ ની વીથડો પુરસીસ (રે.દિ.મુ.નં.૨૯/૧૦) માં સ્પષ્ટ પણે જણાવવામા આવેલ છે કે, આ કામમા પ્રતિવાદીએ ચાલુ દાવે મિલકતનું વેચાણ દસ્તાવેજ કરી નાંખેલ હોય અને તે અંગેની જાણ નામદાર કોર્ટમા મુદત તા. ૨૮/૫/૧૦ ના રોજ પ્રતિવાદીએ કરેલી છે તેથી અમારે સદરહુ વેચાણ દસ્તાવેજ રદ કરાવવા માટે વેરાવળના મહે. પ્રિનસીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા દાવો કરવાનો હોઈ, નવો દાવો દાખલ કરવાની પરવાનગી સાથે દાવો વીથડો કરવા પરવાનગી આપવા નમ્ર અરજ છે અને તે તળે નામદાર મુખ્ય સીવીલ જજ માળીયા હાટીના એ નવો દાવો દાખલ કરવાની શરતે ખેચવા પરવાનગી આપી છે તે દરમ્યાન પ્રતિવાદી નં.૧ ના એ પંતિવાદી નંબર ૫ ના વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. તે હકીકત જોતાં, પ્રતિવાદીઓ વાદીનો હકક હિસ્સો ડુબાડવા આ કામે પ્રથમ થી જ પ્રવૃત્ત હતા તે હકીકત ના માનવાને કોઈ કારણ નથી.

(૧૬) વળી રજુ થયેલા દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ જોતાં પ્રતિવાદી નં.૧ ના ભાગે ૩ એકર ૩૩ ગુંઠા જમીન આવેલી હતી તે જમીન આંક ૪૧ ના રજી.વે.દ થી પ્રતિવાદી નં.૧ ના એ આ કામના પ્રતિવાદી નં.૫ ને વેચાણ આપી દીધી છે, સ્થળ ઉપર જમીનનો કબજો સોપી દીધો છે.તે જ સમયે વાદીની માતાએ માળીયા હાટીના કોર્ટમા રે.દિ.મુ.નં.૨૯/૧૦ કરેલ તે દાવો જાહેરાત તથા કાયમી મનાઈહુકમ માટે કરેલો , દાવાવાળી જમીન વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપી દીધી હોય દસ્તાવેજ રદ કરાવવા અને સરખુ પાર્ટીશન કરાવવા માટે નવો દાવો કરવાની શરતે રે.દિ.મુ.નં.૨૯/૧૦ પાછો ખેચી લીધેલ છે તે આંક ૪૨ તથા ૪૩ ના દસ્તાવેજી પુરાવાઓથી સાબિત માની શકાય તેમ છે.સબબ પ્રતિવાદીનં.૧ ના એ તેની જમીન ૩ એકર ૩૩ ગુંઠામાંથી વાદીનો અડધો હિસ્સો જન્મથી જ રહેલો હોવા છતાં, અને દાવાવાળી મિલકતો વડીલો પાર્જિત મિલકત હોવા છતાં, પેન્ડીગ દાવા દરમ્યાન સમગ્ર જમીન પ્રતિવાદી નં.૫ ને વેચાણ આપી દીધી છે.હવે મુખ્ય પ્રશ્ન એ છે કે, પ્રતિવાદી નં.૧ ના એ પ્રતિવાદી નંબર ૫ ના લાભમા કરી આપેલો દસ્તાવેજ કાયદેસર છે કે કેમ? તે બાબતે જોઈએ તો, પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ વેચાણ કરી નાંખેલી અને પ્રતિવાદી નંબર ૫ ના એ વેચાણ લીધેલી ૩ એકર ૩૩ ગુંઠા (૧–૫૪–૮૦ ચો.મી)મા વાદી શ્યામ નો પુત્ર દરજજે અડધો હિસ્સો રહેલ છે. સગીર શ્યામ ને હકક હિસ્સો ના મળે તે બદદાનતથી આ કામના પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ વડીલોપાર્જિત વારસાઈ મિલકત પુરેપુરી વેચાણ કરી નાંખી છે.જેથી ઉપરોકત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર ૫૨૩ તા.૨૭/૫/૧૦ વાદી શ્યામ ના હિસ્સા પુરતુ દસ્તાવેજ રદબાતલ

છે તેવુ આ અદાલત માને છે, કારણ કે પ્રતિવાદી નંબર ૫ સારી રીતે જાણતા હતા કે માળીયા હાટીના કોટમા દાવો કરવામા આવેલ છે ત્યારબાદ તા. ૨૭/૫/૧૦ દાવાનો નિકાલ થાય તે પહેલા કે આંક ૫ ની મનાઈઅરજીની સુનાવણી થાય તે પહેલા, અને કોઈ હુકમ આવે તે પહેલા મિલકત વેચાણ લઈ લીધી છે, મિલકત વેચાણ લેતા પહેલા દૈનિક પેપર મા નોટીસ કરવામા આવી નથી, કે મિલકતના માલિકી ના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે કે કેમ? તે જોયા વિનાં, તથા વાદી સગીર શ્યામ નો હકક હિસ્સો, લાગભાગ, હિત સંબધ હોવા છતા, પોતાના લાભમા દસ્તાવેજ કરાવી લીધો છે જે દસ્તાવેજ ટાઈટલ વિનાનો, અને સગીરના હકક હિત વિરુધ્ધ કરાવી લેવામા આવેલ દસ્તાવેજ છે જેથી પ્રતિવાદી નંબર ૫ શુધ્ધબુધ્ધિપુર્વકના ખરીદનાર કહી શકાય તેમ નથી, તદઉપરાંત પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાના ભાગમા આવેલ ૮૨૮ ચો.મી. વાળો પ્લોટમા પણ વાદીનો અડધો હિસ્સો રહેલ છે.

(૧૭) વધુમાં ઉપરોકત તમામ વિગતોએ પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ છગનભાઈ કલોલાએ ભવિષ્ય માં સગીર શ્યામ ને વારસાઈ રીતે કોઈ હકક હિસ્સો મળી ના શકે તે કારણોસર ખેતીની જમીન વેચાણ કરી નાંખી છે. જે ધરમેળ વહેચણ કરવામા આવેલી છે તે પણ સગીર વાદી શ્યામ ને બંધનકર્તા નથી, ચાલુ દાવાના કામે પ્રતિવાદી નંબર ૧ ના એ, પ્રતિવાદી નંબર ૫ ને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મિલકત વેચાણ કરી દીધી છે, ત્યારે આંક ૪૧ નો દસ્તાવેજ વાદીના અડધા હિસ્સા પુરતુ રદ ઠરે છે, તેમ આ અદાલતનુ નમ્રપણે માનવું છે. આ કામે પ્રતિવાદી નંબર ૫ ના તરફે કોઈ મૌખિક પુરાવો રજુ કરવામા આવેલ નથી, જેથી મુદા નંબર ૪, વાદી સાબીત કરે છે તેમ હુ માનુ છુ, મુદા નંબર ૫ પરત્વે જોઈએ તો, પ્રતિવાદી નં.૧ પાસે રહેલ પ્લોટ ૮૨૮ ચો.મી.મા વાદીનો અડધો હિસ્સો રહેલ છે જે પ્લોટ પણ વડીલોપાર્જિત છે જેથી મુદા નંબર ૫ ની હકીકતો પણ વાદી સાબીત કરે છે તેમ હુ માનુ છુ, **જેથી મુદા નંબર ૪ તથા ૫ નો જવાબ હુ હકારમાં આપુ છુ.**

**(૧૮) મુદા નંબર ૨ :–**

મુદા નંબર ૨ બાબતે જોઈએ તો, મુદા નંબર ૨ પુરવાર કરવાની જવાબદારી પણ વાદીના શીરે છે.દાવા અરજી પારા ૨ મા જણાવ્યા મુજબ પ્રતિવાદી નં.૧ સાથે કંચનબહેનના લગ્ન ૧૯૯૭ ની સાલમા થયેલા, વાદીનો જન્મ તા. ૨/૪/૯૮ ના રોજ થયેલ છે, તે જન્મના દાખલા ઉપર થી માની શકાય તેમ છે. તે આંક ૪૦ થી આ કામે રજુ કરવામા આવેલ છે. ત્યારબાદ કંચનબહેન

**અને ધીરજભાઈ વચ્ચે મનમેળ ના થતાં પ્રતિવાદી નં.૧ ધીરજભાઈ કલોલાએ કંચનબહેનનો ત્યાગ કરેલ છે. ત્યારબાદ ૨૦૦૧ ની સાલમા કંચનબહેન પોતાના માટે અને સગીર શ્યામ માટે ખોરાકી મેળવવા ફો.પ.અ.નં.૪૧/૦૧ ની કરેલ, તે ઠરાવ આંક ૪૪ થી આ કામે રજુ છે તે ઠરાવના પાના નંબર ૭ ઉપર મુદા નંબર ૧ માં પ્રતિવાદી નં.૧ ધીરજભાઈએ કંચનબહેનનો ત્યાગ કરેલ હોવાની હકીકત જે તે અદાલતે સાબીત માની છે.ત્યારબાદ કેશોદ કોર્ટે ભરણપોષણનો હુકમ કરેલ છે. વધુમાં ભવિષ્યમાં વાદી સગીર શ્યામનો હકકહિસ્સો, લાગભાગ, હકક હિત,ને અસર થાય તે માટે દાવાવાળી મિલકતોની અસમાન વહેચણ કરી છે.આંક ૩૫ ની નોંધ નંબર ૭૫૩૭ મંજુર થયેલ છે. પ્રતિવાદી નં.૧ ના ભાગે ફકત ૩ એકર ૩૩ ગુંઠા જ જમીન આવેલી છે જયારે અન્ય આ કામના પ્રતિવાદીઓને , પ્રતિ. નં.૧ કરતા વધુ જમીન મળેલી છે. જે દેખીતી રીતે જ અસમાન પાર્ટીશન છે.નોંધ નંબર ૭૫૩૭ પ્રતિવાદી નં.૧ થી ૪ ના એ દેખીતી રીતે જ અરસપરસ સંમતી થી ગેરકાયદેસર મંજુર કરાવે છે , જે તે વખતે ખોરાકીના કેસો ચાલુ હતાં, કંચનબહેનનો ત્યાગ કરવામા આવેલ હતો, જેથી આંક ૩૫ ની વહેચણ પ્રથમ થી જ ગેરકાયદેસર અને અસમાન છે. જે કાયદા મુજબ સમાન પાર્ટીશન નથી, જેથી મુદા નંબર ૨ નો જવાબ હકારમા આપવામા આવે છે.**

**<u>(૧૯) મુદા નંબર ૩:–</u>**

**મુદા નંબર ૩ ની હકીકત પુરવાર કરવાની જવાબદારી વાદીના શીરે છે. મુદા નંબર ૨ ની હકીકત વાદી સાબિત કરતા હોય અને આંક ૩૫ મુજબ અસમાન વહેચણ થયેલ હોઈ તથા કાયદા મુજબ ઈરાદાપુર્વક સરખા ભાગ પાડવામા આવેલા ના હોઈ તથા પ્રતિવાદી નં.૧ ના એ જાણી બુઝીને ૩ એકર ૩૩ ગુંઠા જમીન પોતાના હિસ્સે લીધેલ છે. જયારે આંક ૩૩ જોતાં ૨૪ એકર ૦૩ ગુંઠા જમીન સંયુકત નામે રાખવામા આવેલ છે. આ બંને જમીનોમાં સ્વતંત્ર કુવાઓ આવેલા છે. ટાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ ૯ મુજબ વારસો વચ્ચે મૌખિક ભાયાભાગ પડી શકે જે મુજબ આંક ૩૫ ની નોંધ પ્રતિવાદી નં.૧ થી ૪ ની સંમતિથી મંજુર કરાવેલ છે જે અસમાન વહેચણ પાર્ટીશનની છે તેમ માની શકાય તેમ છે. રેવન્યુ નોધો રદ કરાવવા માટે નામદાર દિવાની કોર્ટને લેન્ડ રેવન્યુ કોડ ની કલમ ૧૩૫ (એલ ) નીચે દાવાનો પ્રતિબંધ છે, પરંતુ આવી નોધો ને પડકારતો હાલનો દાવો છે. આંક ૩૫ ની નોંધ ની વહેચણ રદ ઠરાવવા દાવામા દાદ માંગવામા આવી છે. જો આવી નોંધ કાનુન થી વિરુધ્ધ હોય તો તરત જ દિવાની કોર્ટને હકુમત મળે છે, તેહકીકત ૨૦૦૭(૧ ) જી. એલ.એચ.પાના નંબર ૭૮૮ ના જજમેન્ટમા ઠરાવેલા સિંધ્ધાત જોતા માની શકાય તેમ**

છે.આંક ૩૫ ની પાર્ટીશન નોંધ અસમાન વહેચણની હોઈ તે ઈરાદાપુર્વક કરવામા આવી હોય તથા વાદી સગીર શ્યામનુ હિત જોખમાતુ હોઈ, દિવાની કોર્ટને હકુમત છે તેમ હુ માનુ છુ.આ કામે જમીનનો મોટો હિસ્સો પ્રતિવાદી નં.૧ ની બહેનો, પ્રતિવાદી નંબર ૨,૩,૪ ના નામે કરવામા આવેલ છે, તેમાં મોટા ભાગે પરણીત બહેનો છે.પ્રતિવાદી નં.૨,૩ પરણીત છે અને સાસરે રહે છે. પ્રતિવાદી નં.૪ ના એ લગ્ન કરેલ નથી તમામ જમીનોમાં ખેતી પ્રતિવાદી નં.૧ જ કરી તમામ ઉપજ મેળવે છે. સબબ પ્રતિવાદી નં.૧ ના હિસ્સાની જમીન તેણે પ્રતિ.નં.૫ ને આંક ૪૧ ના દસ્તાવેજથી વેચાણ આપેલ છે તેમા સગીરને ભવિષ્યમાં કોઈ હકક હિસ્સો ના મળે તે જ ઈરાદો સમાયેલો છે. વહેચણ અંદરોઅંદર મીલાપી જઈને કરવામા આવેલી હોય તથા કાયદા મુજબની ના હોઈ તે રદ થવાને પાત્ર છે જેથી મુદા નંબર ૩ નો જવાબ પણ હુ હકારમા આપુ છુ.

## (૨૦) મુદા નંબર ૭:–

મુદા નંબર ૭ પુરવાર કરવાની જવાબદારી પ્રતિવાદીનીછે. વાદીએ પુરવાર કરવાના તમામ મુદાઓ વાદીએ પુરવાર કરેલા છે. આંક ૪૧ નો દસ્તાવેજ સગીર શ્યામ નો હીસ્સો ડુબાડવા માટે કરવાા આવેલ છે. હિદુ લો આર્ટીકલ ૨૨૩ માં વડીલોપાર્જિત મિલકતની વ્યાખ્યા આપવામા આવેલ છે. કુટુંબના કર્તા સંયુકત કુટુંબની વડીલોપાર્જિત મિલકતનું સ્વરુપ બદલી શકતા નથી. સ્વપાર્જિત મિલકત માની તેનુ વેચાણ કરી શકતા નથી , કારણ કે વડીલોપાર્જિત મિલકત મા બાળકના જન્મ થી જ મિલકત ધારણ કરવાના હકકો બાળકને મળે છે. જેથી કુટુંબના કર્તા, અન્ય સહ માલિકોની સહમતી વિનાં, કોઈપણ મિલકત નુ વેચાણ કરી શકે નહિ. કુટુંબના કર્તા પણ અમુક હદ સુધી, કુટુંબના હિતમાં હોય તો જ, મિલકત વેચાણ કરી શકે તેવા કોઈ સંજોગો પ્રતિવાદી નં.૧ ના એ બતાવેલા નથી, જે સંજોગો કોર્ટને બતાવ્યા છે તે અપુરતા છે, વ્યાજબી જણાતા નથી, અને તે માની શકાય તેવા નથી. પ્રતિવાદી નં.૧ ના એ પોતાના આંક ૪૯ ના પુરાવામા કાનુની જવાબદારી અદા કરવા માટે પોતાના હિસ્સાની જમીન વેચાણ કરેલ હોવાની હકીકત જણાવે છે, પરંતુ તે મિલકત પ્રતિવાદી નં.૧ ના ની પોતાની એકલાની મિલકત નથી, તેમા સગીર શ્યામ નો અડધો હિસસો છે. વાદી સગીર શ્યામ ની માતા ની ખોરાકીની રકમ મહીને રુ.૧૧૦૦ ચુકવવાની થતી હતી, તેના વધુ ઉત્પાદન પ્રતિવાદી નં.૧ તેમની વિશાળ જમીનમા લેતા હતાં, તેઓએ તેઓની ઉ.ત. માં વર્ષમા બે પાક લઈ શકાય અને એક વીઘાનુ ઉત્પાદન વાર્ષિક ૧૦,૦૦૦/– થતુ હોવાની હકીકત સ્વીકારી છે. કુલ જમીનમાંથી પ્રતિવાદી નં.૧ ના કહેવા મુજબ વાર્ષિક રુ.૬૦,૦૦૦ થી ૭૦૦૦૦/– ઉત્પાદન થતુ હતુ, તેમ છતા વાર્ષિક રુ.

**૧૩,૦૦૦/–ની ખોરાકી ની રકમ ચુકવવા માટે તેઓ પોતાની હિસ્સાની જમીન વેચાણ કરી નાંખે તે હકીકત ગળે ઉતરી તેવી નથી. વળી ખોરાકીની રકમ ચુકવવાની જવાબદારી પ્રતિવાદી નં.૧ ની વ્યકતિગત જવાબદારી છે, તે સંયુકત કુટુંબની ગણી શકાય નહિ, કર્તા ની હેસીયતથી પણ સંયુકત કુટુંબની મિલકત વેચાણ કરી શકાય નહિ. સબબ મુદા નંબર ૭ ની હકીકત પ્રતિવાદી ઓ પુરવાર કરવામા સફળ રહેલા નથી તેમ હુ માનુ છુ જેથી મુદા નંબર ૭ નો જવાબ હું નકારમાં આપુ છુ.**

**<u>(૨૧) મુદા નંબર ૬ :–</u>**

**ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી સગીર શ્યામ નો વડીલોપાર્જિત મિલકતમાં તેના જન્મ થી જ લાગભાગ, હકક હિસ્સો અને હિત સબધ હતાં, તેમ છતાં પ્રતિવાદીનં.૧ ના એ પોતાના પુત્ર નો હિસ્સો ડુબાડવા માટે દાવામાં જણાવેલા કૃત્યો કર્યા છે, અને વાદીને મિલકત થી વંચિત રાખવાના નીંદનીય પ્રયત્નો કરેલા છે, તે સંજોગોમા વાદી, મુદા નંબર ૬ ની દાદ માંગવા મેળવવા હકકદાર હોવાનુ હુ માનુ છુ, જેથી મુદા નંબર ૬ નો જવાબ પણ હુ હકારમા આપુ છુ.**

**(૨૨) ઉપરોકત તમામ સંજોગોમા, વાદી પોતાના દાવાની હકીકતો, સાબીત કરવામા સફળ રહેલા છેતેમ હુ માનુ છું, પરંતુ હાલનો દાવો વડીલોપાર્જિત હિંદુ કુટુંબની સંયુકત મિલકતોમાંથી ખેતીની જમીનના સરખા ભાગ પાડી તથા વાદી પુરતુ દસ્તાવેજ નંબર ૫૨૩ તા. ૨૭/૫/૧૦ રદબાતલ ઠરાવી કબજો સોંપવા બાબતનો છે ત્યારે આ કેસમાં આખરી હુકમનામું કરતા પહેલા વાદી તથા આ કામના પ્રતિવાદીઓનો કેટલો હકક હિસ્સો છે તે નકકી કરવુ જરુરી છે. આ કામે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ જોતાં, પ્રતિવાદી નં.૧ થી ૪ ના પિતા છગનભાઈ ધનાભાઈના ભાયા ભાગે મોજે ગામ ખોરાસાગીરના સ.નં.૨૩૦ પૈકી (૨૪ એકર ૦૩ ગુંઠા) તથા સ.નં.૪૩૫ પૈકી (૩ એકર ૩૩ ગુંઠા) મળી કુલ્લે જમીન (૨૭ એકર –૩૬ ગુંઠા) આંક ૩૩ ની નોંધ નંબર ૧૨૪૨ થી આવેલ છે, તે બંને જમીનોમાં સ્વતંત્ર કુવાઓછે તથા ગામતળમા ૮૨૮ ચોરસવાર નો પ્લોટ આવેલ છે,**

**આ કુલ જમીનના ચાર ભાગ પાડવામા આવે તો ( પ્રતિવાદી નં.૧ થી ૪ના ) દરેક હિસ્સેદારોના ભાગે ૬ એકર ૨૯ ગુંઠા જમીન ધારણ કરવાના તેઓને હકકો છે. તથા ગામતળ મા આવેલ પ્લોટમા દરેક પ્રતિવાદી નં.૧ થી ૪ ના ને ૨૦૭ ચોરસવાર જમીન ધારણ કરવાના હકકો છે, પ્રતિવાદી નં.૧ નો ૨૫% યાને કે ૧/૪ હિસ્સો યાને કે ચોથો ભાગ છે. યાને કે પ્રતિવાદી નં.૧ ના ભાગે ૬ એકર ૨૯ ગુંઠા ખેતીની જમીન આવે. તેમાંથી પ્રતિવાદી નં.૧ નો તથા વાદી સગીર**

શ્યામ ના હિસ્સાઓ જુદા પાડવામા આવે તો વાદી સગીર શ્યામના હિસ્સામાં ૩ એકર ૧૪ ગુઠા જમીન તથા ગામતળમા આવેલા પ્લોટ માં ચાર ભાગ કરવામાં આવે તો પ્રતિવાદી નં.૧ ના ભાગમાં, ૨૦૭ ચોરસવાર અને ૨૦૭ ચોરસવાર માં પ્રતિવાદી નં.૧ તથા વાદી સગીર શ્યામ ના હિસ્સાઓ જુદા પાડવામા આવે તો, વાદી શ્યામ ના હિસ્સામા ૧૦૩ ચોરસવાર નો પ્લોટ ભાગે આવે તેમ છે.

વધુમાં આ કામના પ્રતિવાદીઓ નંબર ૨,૩,૪ ના ઓને દાવાવાળી મિલકતો મા દરેકને ૬ એકર ૨૯ ગુંઠા જમીન ધારણ કરવાના હકકો છે, અને ગામતળમા આવેલ પ્લોટ માં પ્રતિ વાદી નંબર ૨ થી ૪ ને દરેકને ૨૦૭ ચોરસવાર જમીન ધારણ કરવાના હકકો છે તેવુ ઠરાવી આપવામા આવે છે.

આ કામે દાવાવાળી મિલકતો ખેતીની જમીનો તથા ગામતળમા આવેલ પ્લોટ હોઈ, સીપીસી કલમ ૫૪ જોવામા આવે તો,

''' જયારે હુકમનામું સરકારને મહેસુલ ભરવા માટે આકારેલી અવિભકત મિલકતના વિભાજન માટે અથવા આવી મિલકતના કોઈ હિસ્સાના અલગ કબજા માટેનુ હોય ત્યારે આવી મિલકતનું વિભાજન અથવા હિસ્સાનુંવિયોજન, વિભાજન અથવા હિસ્સાના મિલકતના અલગ કબજા સંબધમા તત્કાલીન સમય માટે અમલમાં રહેલ કાયદા મુજબ કલેકટરશ્રી એ અથવા તો આ સંબધમા તેઓએ નીમેલા કલેકટરશ્રી ના તાબાના કોઈ રાજયપત્રિત અધિકારીએ કરવુ જોઈએ ''' તેવી જોગવાઈ કરવામા આવી છે.

તથા સીપીસી ઓર્ડર ૨૦ રુલ ૧૮(૧) જોવામા આવે તો,

મિલકતના વિભાજન માટેનો અથવા તેમાના હિસ્સાના અલગ કબજા માટેના દાવામા હુકમનામું

'''' જયારે અદાલત મિલકતના વિભાજન માટે અથવા તેમના હિસ્સાના અલગ કબજા માટેનુ હુકમનામું કરે ત્યારે

૧. જો હુકમનામુ જેટલા પ્રમાણમાં સરકાર ને મહેસુલ આપવાને પાત્ર થતી મિલકતને, લગતું હોય તો તેટલા પ્રમાણમાં, હુકમનામામા તે મિલકત મા હિત ધરાવતા, જુદા જુદા પક્ષકારોના હિત જાહેર કરવામા આવશે,પરંતુ તેમા એવો આદેશ કરવામાં આવશે કે, કલેકટરે અથવા તો કલેકટર ના તાબા હેઠળના જે રાજયપત્રિત અધિકારીને આ સંબધમા કલેકટર સત્તા સોપે તેણે આવી જાહેરાત અને કલમ ૫૪ ની જોગવાઈઓ અનુસાર આવુ વિભાજન કરી અથવા અલગ કબજો આપવાનો રહેશે.

૨. જો હુકમનામુંઅન્ય કોઈ સ્થાવર અથવા તો જંગમ મિલકતને લગતું હુકમનામું હોય તો

તેટલા પ્રમાણમાં અદાલત, વધારે તપાસ કર્યા વિના જો વિભાજન અથવા હિસ્સા અલગ કરી આપવાનું સરળતાથી થઈ શકે તેમ ના હોય ત્યારે પ્રાથમિક હુકમનામું કરીને અલગ અલગ પક્ષકારો ના હિત જાહેર કરી શકશે અને જરુર જણાય તો તેવા અન્ય આદેશો આપી શકશે.

ઉપર મુજબ કાયદાની જોગવાઈઓ છે.

સામાન્ય રીતે( પરંતુ અનિવાર્ય રીતે નહિ) વિભાજનના દાવામા બે હુકમનામાઓ કરવામા આવતા હોય છે, ૧. પ્રાથમિક હુકમનામુ ૨. આખરી હુકમનામું ,

પ્રાથમિક હુકમનામા થી સંબધીત પક્ષકારોના અધિકારો જાહેર કરવામા આવે છે, પ્રાથમિક હુકમનામું થયા પછી પણ પ્રતિવાદીઓ પોતાના હિસ્સાઓના વિભાજન માટે અરજી કરી શકે છે. પ્રાથમિક હુકમનામાથી જે અધિકારો નકકી કરવામા આવ્યા હોય, અને અપીલમા તે અંગે મુદો ઉઠાવવામા ના આવે તો, પ્રાથમિક હુકમનામાથી નકકી થયેલા પક્ષકારોના અધિકારો તેમને બંધનકર્તા છે, તેમ માનવામા આવે છે. વધુમાં પ્રાથમિક હુકમનામા ઉપર આધારીત આખરી હુકમનામું આપવામા આવે છે, આખરી હુકમનામું પ્રાથમિક હુકમનામાની મર્યાદા કરતા આગળ જઈ શકે નહિ તેવી પણ કાયદાકીય જોગવાઈ છે.જયાં સુધી આખરી હુકમનામું આપવામા ના આવે ત્યા સુધી દાવાની કાર્યવાહી ચાલુ ગણાય છે.

ઉપરોકત તમામ સંજોગોમાં વાદી પોતાના દાવાની હકીકતો ઉપર જણાવ્યા મુજબ પુરવાર કરવામા સફળ રહેલા છે સબબ, વાદીને માંગ્યા મુજબની દાદ અ,,બ, ક, ડ મંજુર કરવામા આવે તે ન્યાયના હિતમા ઉચિત જણાતુ હોઈ, હું અંતીમ હુકમ નીચે મુજબ કરુ છુ.

**<u>હુકમ</u>**

વાદીનો દાવો મંજુર કરવામા આવે છે.

આથી એવું ઠરાવવામા આવે છે કે,પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના એ મહેસુલી નોંધ નંબર ૭૫૩૭ તા.૧૮/૬/૦૯ થી જે સંયુકત મિલકતોની વહેચણ કરેલ છે તે ગેરકાયદેસર છે, તમામ મિલકતનું સરખુ પાર્ટીશન થયેલ નથી ,અસમાન મિલકતોની વહેચણ થયેલી છે તેથી તમામ મિલકતોનું સરખુ પાર્ટીશન કરી આપવામા આવે તેવો હુકમ કરવામા આવે છે.

પ્રતિવાદી નંબર ૧ ના ભાગે આવતી ખેતીની જમીન તથા પ્લોટ માંથી વાદીનો ૧/૨ હિસ્સો જુદો કરાવી વાદીને સોપી આપવો તેવો હુકમ કરી આપવામા આવે છે.

પ્રતિવાદી નં.૧ ના એ, પ્રતિવાદી નંબર ૫ જોગ કરી આપેલ વેચાણ દસ્તાવેજ નંબર ૫૨૩ તા. ૨૭–૫–૧૦ નું વાદીના ૧/૨ હિસ્સા પુરતુ રદ બાતલ ઠરાવવામા આવે છે. અને સમગ્ર

દસ્તાવેજ વાદીને બંધનકર્તા નથી, તેવુ ઠરાવી આપવામા આવે છે.

વધુમાં, પ્રતિવાદીઓ જાતે કે તેના વારસો, એસાઈનીઓ, મારફતે દાવાવાળી જમીનો સ.નં.૪૩૫ પૈકી ૩ એકર ૩૩ ગુંઠા (૧–૫૪–૮૦ ચો.મી) તથા સ.નં.૨૩૦ પૈકી ૨૪ એકર ૦૩ ગુંઠા (૭–૩૧–૪૭ ચો.મી) તથા ખોરાસા ગામે આવેલ પ્લોટ કુલ ક્ષેત્રફળ ૮૨૮ ચો.મી. જમીન અન્ય કોઈને તબદીલ કરે નહિ કે બોજો ઉભો કરે કરાવે નહિ તેવો કાયમી મનાઈહુકમ આપવામા આવે છે.

આ પ્રાથમિક હુકમનામાની એક નકલ વિભાજન માટે, કલેકટરશ્રી, જુનાગઢ ને મોકલી આપવાનો હુકમ કરવામા આવે છે. તથા કલેકટરશ્રી જાતે અથવા તો તેઓના તાબા તળેના અધિકારી મારફતે હુકમનામા મુજબ મિલકતોનુ વિભાજન દીન–૧૫માં કરી કરાવી અત્રે રીપોર્ટ રજુ કરવો.

પ્રતિવાદીએ દાવાનો ખર્ચ પોતે ભોગવવો. અને વાદી ને થયેલ ખર્ચ, પ્રતિવાદી એ વાદીને ચુકવી આપવો.

હુકમ મુજબ પ્રાથમિક હુકમનામું દોરવુ.

આ હુકમ આજ તારીખ છઠઠી માહે માર્ચ સને ૨૦૧૩ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા સિકકો કરીને જાહેર કયો

વેરાવળ તા.૬/૩/૧૩

(ખુમાનસિંહ એન મેધાત)
એડી.સીનીયર સીવીલ જજ તથા
એડી. ચીફ જયુડી.મેજી.વેરાવળ